ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ સે

કોઈપણ અપેક્ષા વગર
સૌનું સારું કરવું
કારણ કે
કોઈએ કહ્યું છે કે
જે ફૂલ વહેંચે છે
એના હાથમાં
સુગંધ રહી જાય છે

## જન્મદિને વધામણી



દિપાલી એન બ્રહ્મભટ્ટ



હર્ષ કલ્પેશભાઈ સોની
મો. ૭૪૦૫૨ ૪૩૪૬૭

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# આજે પ્રવીણ ગઢવી રચિત કવિતા-વાર્તાસંગ્રહનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર રેશનલ સમાજના ઉપક્રમે કવિ-વાર્તાકાર પ્રવીણ ગઢવી લિખિત રેશનલ કવિતા અને વાર્તાઓના સંગ્રહ 'સંશય'નો લોકાર્પણ કાર્યક્રમ તા. ૬ નવેમ્બર ને મંગળવારના રોજ સવારે ૧૦ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર, સૅક્ટર-૨૩ ખાતે યોજવામાં આવ્યો છે, જેમાં ઉપસ્થિત રહેવા સૌ રસિકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આ પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષ તરીકે ધારાશાસ્ત્રી અશ્વિનકુમાર કારીઆ, જ્યોત ઉદ્દીપક તરીકે ડૉ. અનિલ પટેલ, લોકાર્પણકર્તા તરીકે રેશનલ સમાજના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી, મુખ્ય મહેમાન તરીકે રેશનલ ચિંતક ડંકેશો ઓઝા, કર્મશીલ મનીષી જાની, અતિથિ વિશેષ તરીકે નવલકથાકાર કલ્પેશ પટેલ, દલિત કર્મશીલ પત્રકાર ચંદુ મહેરિયા ઉપસ્થિત રહેશે.

# એસ. કે. પટેલ સ્કૂલમાં ઍક્ઝિબિશન કાર્યક્રમ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. કે. પટેલ સ્કૂલમાં એક્ઝિબિશન કાર્યક્રમ યોજાયો હતો. તેમાં ફોટો ફ્રેમ ,માય મેમરીઝ વિષય અંતર્ગત બાળકોએ વાલીઓ સાથે મળીને ખૂબ જ સરસ પ્રોજેકટ બનાવ્યા હતા. કેમ્પસની સ્કૂલનાં પ્રિન્સિપાલ, સ્કૂલનાં બાળકોને આ એક્ઝિબિશન બતાવવામાં આવ્યું હતું. એક્ઝિબિશનની મુલાકાથી મુલાકાતીઓએ આનંદ વ્યક્ત કર્યો હતો.

# ૧ ૩થી ૧૭ દરમિયાન અમદાવાદના રાણીપ ખાતે બીજી ગ્રીન હબ ઓપન ફીડે રેટીંગ ચેસ ટુર્નામેન્ટ

ગાંધીનગર, તા. ૫

બીજી ગ્રીન હબ ઓપન ફીડે રેટીંગ ચેસ ટુર્નમેન્ટ અમદાવાદ ખાતે ૧૩મીથી યોજાઈ રહી છે.

ગુજરાત ચૅસ ઍસોસિએશન દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે ટુર્નામેન્ટનું આયોજન ગ્રીન હબ ફાઉન્ડેશન દ્વારા ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશન તેમજ ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશનના નેજા હેઠળ તા. ૧૩થી ૧૭ નવેમ્બર, ૨૦૧૮ દરમિયાન આત્મીય વિદ્યા નિકેતન, નિર્ણયનગર, રાણીપ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટમાં કુલ રૂપિયા પાંચ લાખના રોકડ ઈનામો અને ટ્રોફીઝ વિજેતા ખેલાડીઓ વચ્ચે વહેંચવામાં આવશે. ટુર્નામેન્ટ અંતર્ગત કુલ ૯ રાઉન્ડ સ્વીસ પદ્ધતિથી રમાડવામાં આવશે.

જીએમ, આઈએમ, ડબલ્યુજીએમ, ડબલ્યુઆઈએમ ખેલાડીઓ માટે આ ટુર્નામેન્ટમાં એન્ટ્રી ફ્રી રાખવામાં આવી છે. ટુર્નામેન્ટમાં ચીફ ઓર્બિટર તરીકે આઈ જી પરમાર ફરજ બજાવશે. આ ટુર્નામેન્ટમાં આઈએમ રાહુલ સંગમા (રેટીંગ ૨૨૯૭) તેમજ ડબલ્યુઆઈએમ તેજસ્વિની સાગર (રેટીંગ ૨૧૩૯) જેવા ખ્યાતનામ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આ અંગેની વધુ માહિતી માટે મહેન્દ્રભાઈ પટેલનો સંપર્ક (મો. ૯૮૨૫૦૧૬૧૬૨) કરવા આ અખબારી યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે.

# અમદાવાદ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા "સપ્તધારાથી સ્વાસ્થ્ય" વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૫

અમદાવાદ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા ગુજરાત સરકારના આરોગ્ય વિભાગની સૂચના અને માર્ગદર્શન અનુસાર જિલ્લાકક્ષાનો "સપ્તધારાથી સ્વાસ્થ્ય" વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ વર્કશોપ રાજયના આઈ.ઈ.સી.વિભાગના સ્ટેટ આઈ.ઈ.સી.ઓફિસર ડૉ.શૈલેષ સુતરિયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. પ્રારંભીક જાણકારી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.શિલ્પા યાદવે આપી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા આર.સી.એચ.ઓ ડૉ.ગૌત્તમ નાયક, જિલ્લા રોગચારા નિયનતરણ અધિકારી ડૉ.ચિંતન દેસાઈ, જિલ્લા ક્યું.એમ.ઓ. ડૉ.સ્વામી કાપડીયા, જિલ્લા આઈ.ઈ.સી.અધિકારી વિજય પંડિત, સપ્તધારાના તાલીમબદ્ધ સાધકો ડૉ.દક્ષેશ સોલંકી સહિત ૨૦થી વધુ આરોગ્ય કર્મીઓની ટીમ દ્વારા ખૂબ જ સુંદર રીતે તમામ ધારાઓની રજુઆત કરવામાં આવી હતી, જેને અમદાવાદ જિલ્લાના તાલુકા હેલ્થ ઓફિસરો, મેડિકલ ઓફિસરો સહિતના એનઆરએચએમ સ્ટાફ દ્વારા માણી હતી.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.શિલ્પા યાદવે આવા સુંદર, અસરકારક, જન માનસમ પર ચોટદાર અસર કરે તેવા સુંદર પ્રેઝન્ટેશન બદલ સપ્તધારાની અમદાવાદ જીલ્લાની ટીમને અભિનંદન આપ્યા હતા અને સમગ્ર જિલ્લાની ટીમે આ સુંદર કાર્યક્રમ માટે ખૂબ જ પ્રસંશા કરી હતી.

# ગાંધીનગરની બીબીજી કૉલેજ દ્વારા મુન્દ્રા બંદરની ઔદ્યોગીક મુલાકાત



ગાંધીનગર, તા. ૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના ૨૩૩ વિદ્યાર્થીઓ માટે કુલ મુંદ્રા પોર્ટની મુલાકાતનું આયોજન થયું હતું.

ઔદ્યોગીક ક્ષેત્રની મુલાકાત પહેલાં પુરુરાજસિંહ ઝાલાએ અદાણી ગૃપ વિષે સંપૂર્ણ માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કુલ પાંચ ઔદ્યોગીક ક્ષેત્રની મુલાકાત લેવામાં આવી હતી, જેમાં ૧૩૭ સ્કવેર કિલોમીટર ઍસઈઝેડ તેમજ ૯ સ્કવેર કિલોમીટર વેસ્ટ પોર્ટની મુલાકાત લીધી હતી, જેમાં વિદ્યુત પ્લાન્ટ, ઓઈલ રીફાઈનરી પ્લાન્ટ તેમજ મુખ્ય પોર્ટનો સમાવેશ થાય છે. પ્રથમ દિવસે મનોહરસિંહ ગોહિલે વિદ્યાર્થીઓની સાથે રહી અદાણી પોર્ટનાં વિવિધ કાર્યો, પોર્ટનું ભારત દેશના વિકાસમાં મહત્વ તેમજ પોર્ટનું સચાલન અને વહીવટ વગેરે પાસાઓને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓને પોર્ટ વિશે ઊંડાણપૂર્વક સમાજ આપી હતી.

ત્યારબાદ વિદ્યાર્થીઓએ અદાણી વિલમાર કંપનીની મુલાકાત લીધી હતી. અહીં સ્થિત શાંતિનાથ મહાદેવનાં દર્શનનો મોકો વિદ્યાર્થીઓને મળ્યો હતો અને સાંજે સમૂહ આરતીમાં તેમણે ભાગ લીધો હતો, જે દરેક માટે એક અદભૂત લહાવો હતો. શાંતિવિહારમાં ચંદ્રકાંત પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને રાત્રે ભોજન બાદ સાંસ્કૃતીક કાર્યક્રમ માટે જરૂરી વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. તેઓ આ કાર્યક્રમ સમયે ઉપસ્થિત પણ રહ્યા હતા. બીજા દિવસે અદાણી વેસ્ટ પોર્ટ તેમજ અદાણી પાવર લિમિટેડ કે જે ભારત નો પ્રાઈવેટ ઑનર બેઈઝ પ્રથમ અને ઍશિયાનો બીજા ક્રમે આવતો પાવર પ્લાન્ટ છે કે જે ૪૬૨૦ મેગા વોટ પાવર પ્રોડક્ષનની ક્ષમતા ધરાવે છે તેની મુલાકાત લીધી હતી.

આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટી, પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ સમિતિના હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો.આશિષ ભુવા, પ્રો. જાનકી દવે, ધર્મેન્દ્રસિંહ રાઠોડ, પ્રો.પ્રીન્સી મેકવાન અને પ્રો. પ્રીતેશ સોલંકી દ્વારા સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવી હતી.

# જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ રાજસ્થાનનો પ્રવાસ માણી આવ્યા

ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના ધોરણ-૭,૮ના ૧૫૭ જેટલા વિદ્યાર્થીઓ માટે તા. ૨૯ ઓક્ટોબરથી ૧ નવેમ્બર સુધી રાજસ્થાન પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસના આ પ્રવાસમાં વિદ્યાર્થીઓએ જેસલમેરના ઐતિહાસિક પ્રવાસન સ્થળ એવા મહેલ, રણ પ્રદેશની મુલાકાત તથા યુદ્ ધ સમયની માહિતી આપતું પ્રદર્શન નિહાળી શૂરવીરતાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો. પોખરણ અણુ પરીક્ષણ સ્થળની મુલાકાત લઈ વૈજ્ઞાનિક માહિતી સાથે ઐતિહાસિક મહેલની પણ મુલાકાત લીધી હતી. જોધપુરનાં ઐતિહાસિક સ્થલોની મુલાકાત બાદ રિસોર્ટમાં રાત્રી રોકાણ સાથે વિવિધ રાઈડ્સ અને વોટર પાર્ક અને સ્વિમિંગ પુલનો આનંદ પણ ઉઠાવ્યો હતો. સાથે સાથે રણુજા અને અંબાજી જેવાં ધાર્મિક સ્થળોએ દર્શન કરી ધર્મપરાયણ બનવાની શીખ પણ તેમણે પ્રાપ્ત કરી હતી.

આચાર્ય નીવાબેન પટેલે આ સફળ પ્રવાસ બદલ વિદ્યાર્થીઓ તથા આયોજક શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

### સરદાર જન્મજયંતી ઉજવણી અંતર્ગત

# શાહીબાગના સરદાર પટેલ સ્મારકમાં કાર્યક્રમો યોજાયા




ગાંધીનગર, તા. ૫

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી અંતર્ગત શાહીબાગમાં આવેલ સરદાર પટેલ સ્મારકમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. જેમાં સરદાર પટેલના વિષય ઉપર વ્યખ્યાન ઉપરાંત શહેરની જુદી જુદી શાળાઓના વિદ્યાર્થીઓ માટે ચિત્રકળા સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૪૪૫ થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. આ ચિત્રકલા સ્પર્ધાના વિજેતાઓને સરદાર પટેલ સ્મારકના મહામંત્રી, સી.એ. આર. એસ. પટેલ, સહમંત્રી શ્રી બાલુભાઈ પટેલના હસ્તે ઈનામો તથા પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે ટ્રસ્ટીશ્રી ચીમનભાઈ અગ્રવાલ, બાબુભાઈ મેઘજીભાઈ શાહ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૨૩મો મણકો ॥

અને આ જ જૉસેફ ડોક દ્વારા ગાંધીજીનું પહેલું જીવન ચરિત્ર લખાયું. એનું નામ પણ એવું જ છે : 'ગાંધીજીનું સૌથી પહેલું જીવન ચરિત્ર.' નગીનદાસ પારેખના નાના ભાઈ બાલુ પારેખે અનુવાદિત કરેલું આ પુસ્તક છે.



પાદરીના ઘરમાં ગાંધીજી આરામ કરતા હતા ત્યારે કોઈ જરૂરિયાત બાબતે પૂછતાં તેમણે પૂછ્યું, 'અહીં કોઈને ગાતાં આવડે છે ?' પાદરીએ કહ્યું કે 'હા, મારી પુત્રી છે એને આવડે છે.' 'તો એને કોઈ સામ (ભજન) ગાવાનું કહોને.' એ બારેક વર્ષની છોકરીએ ગાંધીજીની સામે ગાયું, જેને પછીથી આશ્રમ ભજનાવલિમાં પણ સ્થાન મળ્યું : 'પ્રેમળ જ્યોતિ દાખવી તારો, મારો જીવનપંથ ઉજાળ.'

ગાંધીજી જૉસેફ ડોકના ઘરે રહ્યા એનો જો સૌથી મોટો ફાયદો હોય તો તે એ કે તેમણે ગાંધીજીને કબૂલ કરાવીને તેમનું જીવન ચરિત્ર લખ્યું. ગાંધીજીની ઈચ્છા નહોતી તો પણ તેમણે એમ કહીને લખ્યું કે 'એનાથી લોકોને એ વાતની જાણ થશે કે તમારા વિચારો કેવા છે અને તમે ખરેખર શું કરવા ધારો છો ?' આમ તેમણે ગાંધીજીને મનાવીને તેમનું જીવન ચરિત્ર લખ્યું એ આ ઘટનાની મોટી સિદ્ધિ.

આ ઘટનાના થોડા વખત પછી ગાંધીજી કેપટાઉનમાં હતા અને તેમને ફિનિક્સ જવાનું હતું. કોઈએ તેમને સમાચાર આપ્યા કે 'ફિનિક્સ જાઓ તો રસ્તામાં જહોનિસબર્ગ ન રોકાતા. ત્યાં તમને મારવાની તૈયારીઓ ચાલી રહી છે, કંઈક ષડયંત્ર છે.' ગાંધીજી તો ૧૦ વર્ષ જહોનિસબર્ગમાં રહ્યા હતા. તેમણે કહ્યું, 'એવું કેવી રીતે બને ? જહોનિસબર્ગનું તો મેં લૂણ ખાધું છે. ત્યાં હું ન રોકાઉં તો નમકહરામ કહેવાઉં.' અને તેઓ જહોનિસબર્ગમાં રોકાયા ને સાંજે સભા હતી એમાં પણ ગયા. સભામાં એમનું પ્રવચન ચાલતું હતું, સૌ શાંતિથી સાંભળી રહ્યા હતા અને અચાનક બત્તીઓ બંધ થઈ ગઈ. હૉલમાં સન્નાટો છવાઈ ગયો. અને એ સન્નાટાને ચીરતો એક બૂલંદ અવાજ સંભળાયો, 'ખબરદાર ! ગાંધીનો વાળ પણ વાંકો થયો તો. ખુદાની કસમ ખાઈને કહું છું, એમ થયું તો એમ કરનારનો હું જાન લઈશ.' આ અવાજ હતો મીર આલમનો !





બત્તીઓ આવી ત્યાં સુધીમાં થોડા લોકો વિખરાવા લાગ્યા હતા, પણ બત્તીઓ આવી ત્યારે જે હાજર હતા તેમણે જોયું કે ગાંધીજી સ્વસ્થતાપૂર્વક સ્ટેજ પર બેઠા હતા અને એમની પાછળ ઊભો હતો મીર આલમ !

હૃદય પરિવર્તનનો આ ક્લાસિક દાખલો છે !

પરિવર્તન ત્રણ પ્રકારના હોય છે.

પહેલું મસ્તિષ્ક પરિવર્તન જે કોઈ વિચારને કારણે થાય છે.

બીજું પરિસ્થિતિને કારણે થતું પરિવર્તન.

અને ત્રીજું હૃદય પરિવર્તન.

હૃદય પરિવર્તન એ મોટેભાગે આઘાતને કારણે સર્જાય છે. આઘાતની કોઈ ઘટના બને ત્યારે હૃદય પરિવર્તન થવાની શક્યતા વધારે હોય છે. જેનું હૃદય નિષ્કપટ હોય છે અને જેના કારણે આ પરિવર્તન થાય છે એ વ્યક્તિ પણ નિષ્પાપ હોય ત્યારે હૃદય પરિવર્તન થાય છે.

હૃદય પરિવર્તન બહુ ઓછાનું થાય છે, મસ્તિષ્ક પરિવર્તન એનાથી થોડા વધુ લોકોનું થાય છે અને પરિસ્થિતિને કારણે પરિવર્તન સૌથી વધુ લોકોનું થાય છે.

આ ઘટના પછી ગાંધીજીએ મીર આલમને કહેલા શબ્દો પણ યાદગાર છે. એમણે કહ્યું, 'ભાઈ મીર આલમ, એક વાત યાદ રાખજે. તારો ઈરાદો કોઈની હત્યા કરવાનો હોય તો એને ખુદાની સાથે ન જોડીશ. ખુદાના નામથી કોઈની હત્યા ન કરવાની હોય, ખુદાની તો બંદગી કરવાની હોય.'

મીર આલમનું આ હૃદય પરિવર્તન કેમ થયું હતું ? ગાંધીજી પર હૂમલો કર્યા પછી એ જ્યારે જેલમાં હતો ત્યારે જેલમાં તેની સાથે રહેનારા બીજા માણસોએ તેને કહ્યું હતું કે 'અલ્યા, તારું નામ તો છાપામાં છે.' ત્યારે તેણે કહ્યું હતું કે હા એ તો હોય. મેં ગાંધીને માર્યા છે તો છાપામાં નામ હોય.' ત્યારે માણસોએ કહ્યું હતું, 'ના. તેં ગાંધીને માર્યા એટલા માટે નહીં. પણ ગાંધી તારા માટે જે બોલ્યા ને એના માટે.' 'એવું શું બોલ્યા ?' એમણે એમ કહ્યું કે, 'હું જેમ મારી સમજ મુજબ વર્ત્યો છું એમ એ પણ પોતાની સમજ મુજબ વર્ત્યો છે. તેથી એને કોઈ કનડશો નહીં.'

મીર આલમના હૃદયને આ વાત સ્પર્શી ગઈ. તે બોલ્યો, 'આ કોઈ સામાન્ય માણસ નથી. યે તો પીર હૈ પીર.'

ગાંધીજીએ ૨૦ વર્ષના દક્ષિણ આફ્રિકાવાસ દરમ્યાન ત્યાં બે આશ્રમોની સ્થાપના કરી. અલબત્ત, આશ્રમ શબ્દ ત્યારે આપ્યો નહોતો. આશ્રમ શબ્દનો ઉપયોગ તો વર્ષો પછી, ભારત આવ્યા પછી કોચરબમાં આશ્રમની સ્થાપના કરી ત્યારે ઉપયોગમાં લીધો હતો.

એક આશ્રમ સ્થાપ્યો હતો ટ્રાન્સવલમાં, જેનું નામ આપ્યું હતું ટૉલ્સટૉય વાડી. ટૉલ્સટૉયથી પ્રભાવિત થઈને ગાંધીજીએ તેમને પત્ર લખીને તેમની અનુમતિ લઈને આ નામ રાખ્યું હતું.

બીજો આશ્રમ હતો ફિનિક્સ વસાહત. ડરબનથી આગળ નાતાલમાં આ વસાહત તેમણે સ્થાપી હતી. વસાહત સ્થાપી ત્યારે તેને નામ અપાયું નહોતું. પણ પછી મગનલાલ ગાંધી પ્રવાસમાં હતા ત્યારે તેમણે પત્ર લખીને ગાંધીજીને જણાવ્યું હતુંકે, 'આપણે આપણી વસાહતને કોઈ નામ આપ્યું નથી. પણ ફિનિક્સ નામ તમને કેવું લાગે છે ? (ક્રમશઃ)





સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ધનતેરસના દિવસે ભિલોડા તાલુકાના જાભચિતરિયામાં ૧૧૫ લાભાર્થીઓને ત્રણ કિગ્રા ચોખા અને લાડુનું વિતરણ કરવામાં આવ્યું હતું. અણસોલમાં ૧૮ જેટલા લાભાર્થીઓને ચોખા ઉપરાંત મગ, ચા, બિસ્કીટ, લાડુ તથા રેવડી, સાકરીયાનાં પૅકેટ આપવામાં આવ્યાં હતાં. બાળકોને પોપીન્સ તથા નવાં કપડાં પણ આપવામાં આવ્યાં હતાં. આ સેવાકાર્યમાં સંસ્થા તરફથી સંગીતા ઘાટે, ઉષાબેન તટ્ટૂ, ભીમજીભાઈ, યોગેશ તથા મિલિન્દભાઈ જોડાયા હતા. અણસોલમાં પ્રત્યેકને રોકડ ૧૦૦ રૂપિયા પણ આપવામાં આવ્યા હતા.